- 7 JUN 2016

# ગુજરાત જાહેર સેવા આયોગ

## પરિણામમાં સુધારો

ક્રમાંક : આરસીટી-૩૬૧૨-૪૫૭૫-આર-૪ જાહેરાત ક્રમાંક : ૪૪/૨૦૧૩-૧૪

સંદર્ભ : સરકારી ઇજનેરી કોલેજ ખાતે ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગના મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ -૨ જાહેરાત ક્રમાંક : ૪૪/૨૦૧૩-૧૪નું તા.૫-૫-૨૦૧૬નું સરખા ક્રમાંકનું પરિણામ.

૧. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સરકારી ઇજનેરી કોલેજ ખાતે ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગના મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ -૨ની જગ્યાએ સીધી ભરતી કરવા માટે સંદર્ભ દર્શિત જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. આ જાહેરાત સંબંધમાં આયોગ દ્વારા કુલ –૧૬૧ ઉમેદવારોને તા.૨૯-૩-૨૦૧૬ થી તા.૧૨-૪-૨૦૧૬ કુલ - ૧૧દિવસ દરમ્યાન રૂબરૂ મુલાકાત માટે બોલાવેલ હતા. રૂબરૂ મુલાકાતને અંતે તા.૫-૫-૨૦૧૬ના રોજ પરિણામ પ્રસિધ્ધ થયેલ હતું. જાહેરાતની કુલ- ૫૬ [ ૧૭ સામાન્ય વર્ગ (૦૫ સામાન્ય મહિલા), ૨૩ સા.શૈ.પ.વર્ગ (૦૭ સા.શૈ.પ.વર્ગ મહિલા), ૦૫ અનુ. જાતિ ( ૦૧ અનુ. જાતિ મહિલા) અને ૧૧ અનુ. જનજાતિ (૦૩ અનુ. જનજાતિ મહિલા)] જગ્યાઓ માટે કુલ ૪૬ ઉમેદવારોને [૧૭ સામાન્ય ( ૦૫ સામાન્ય મહિલા), ૨૩ સા.શૈ.પ.વર્ગ (૦૬ સા.શૈ.પ.વર્ગ મહિલા), ૦૫ અનુ. જાતિ (૦૧ અનુ. જાતિ મહિલા) અને ૦૧ અનુ. જનજાતિ] પસંદગીયાદી પર સફળ જાહેર કરવામાં આવેલ હતા. ૧૫ સામાન્ય વર્ગ (૦૧ સામાન્ય મહિલા), ૦૧ સા.શૈ.પ.વર્ગ, ૦૩ અનુ.જાતિ વર્ગ ( ૦૨ અનુ. જાતિ મહિલા)ના ઉમેદવારોના નામ પ્રતિક્ષાયાદી પર રાખવામાં આવેલ હતા.

૨. આયોગ દ્વારા આ જગ્યા માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ પરિણામ/પસંદગી યાદીમાં પસંદગી ક્રમાંક ૦૩ પર સફળ જાહેર થયેલ મહિલા ઉમેદવાર શ્રીમતી વિનીથા રવિન્દ્ર નાયર સ્નાતકની પદવી ઇલેકટ્રીકલ અને ઇલેકટ્રોનિકસ વિષયમાં ધરાવે છે. જાહેરાતમાં દર્શાવ્યા મુજબ ઉપરોકત ભરતી માટે નિયત શૈક્ષણિક લાયકાત માન્ય યુનિ.ની એન્જીનીયરીંગ અથવા ટેકનોલોજીની સંબંધિત વિષયમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી છે. જે પૈકી સ્નાતક અથવા અનુ.સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગની પદવી કે તેની સમકક્ષ લાયકાત અથવા સરકાર દ્વારા માન્ય સમકક્ષ લાયકાત હોવી જોઇએ. સમકક્ષ લાયકાત અંગેના સરકારના તા.૧૮-૧૨-૨૦૧૫ના પત્ર ક્રમાંક: ટીઇએમ-૧૨૧૧-માં-૫-૩-ઘમાં કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીની તજજ્ઞ કમિટીના અભિપ્રાય મુજબ બી.ઇ. (ઇલેકટ્રીકલ અને ઇલેકટ્રોનિકસ)ની પદવી બી.ઇ. (ઇલેકટ્રીકલ) સમકક્ષ ગણી શકાય નહી. આથી શ્રીમતી નાયર આ જગ્યા માટેની ઉમેદવારી કરવા, નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોવાને કારણે પાત્ર થતાં નથી.

-પૃષ્ટ ૨ પર-

આથી તેણીની ઉમેદવારી પ્રથમ થી જ રદ્દ કરવામાં આવે છે. આમ, તેણીની ઉમેદવારી રદ્દ કરવામાં આવતાં તેણીને રૂબરૂ મુલાકાત માટે આપવામાં આવેલ પ્રવેશ પણ રદ્દ કરવામાં આવે છે અને રૂબરૂ મુલાકાત માટેનો પ્રવેશ રદ્દ થતાં તેણીનું નામ, આ જગ્યા માટે, તા.૫-૫-૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ પરિણામની પસંદગી યાદી ક્રમાંક-૦૩ પરથી પણ રદ્દ કરવામાં આવે છે.

૩. ઉપર જણાવ્યા મુજબ આયોગના તા.૫-૫-૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ થયેલ પરિણામના ક્રમ-૩ પરના બિન-અનામત મહિલા ઉમેદવાર તરીકે શ્રીમતી વિનીથા રવિન્દ્ર નાયરની ઉમેદવારી રદ્દ થતાં હવે તા.૫-૫-૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ થયેલ પરિણામમાં સુધારો કરીને, બિન-અનામત વર્ગના મહિલાઓ માટેની ૦૫ જગ્યાઓના સંદર્ભમાં પસંદ કરવાના થતાં, બિન-અનામત મહિલા ઉમેદવાર તરીકે, બિન-અનામત વર્ગની પ્રતિક્ષાયાદીના ક્રમાંક-૧૫ પરના મહિલા ઉમેદવાર શ્રીમતી રચના જયેન્દ્રભાઇ પટેલ (ઇ-૫૨)ને સફળ ઉમેદવારોની યાદીમાં ૨૨-એ માં ક્રમાંકે પસંદગી પામેલ જાહેર કરવામાં આવે છે. તદ્દનુસાર આ ક્રમાંક પાછળના ઉમેદવારોની યાદીમાં આનુષાંગિક ક્રમ ગણવાનો રહેશે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૭-૦૬-૨૦૧૬

( આશા શાહ )
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ